ગુજરાતમિત્ર

# ગતિવિધિ

## બીએપીએસ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ

વડોદરા : પ્રતિ વર્ષ ની માફક રાષ્ટ્ર ના સ્વતંત્રતા દિવસ નિમિત્તે આવતીકાલે ૧૫ ઓગસ્ટ ન રોજ બી એ પી એસ સંસ્થા દ્વારા અટલાદરા સ્થિત મંદિર ખાતે પૂજ્ય સંતો ની હાજરી માં પૂજ્ય કોઠારી સ્વામી ના હસ્તે સવારે ૦૭.૩૦ વાગ્યે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો પણ ઉપસ્થિત રહેશે. તદુપરાંત બી એ પી એસ વિદ્યામંદિર ખાતે પણ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ના અધ્યક્ષ શ્રી દ્વારા સવારે ૦૮.૦૦ વાગ્યે ધ્વજવંદન કાર્યક્રમ થનાર છે

## શ્રીકૃષ્ણ હિન્દી વિદ્યાલયમાં ધ્વજવંદન કરાશે

વડોદરા : યાદવ વિકાસ સંઘ સંચાલિત શ્રીકૃષ્ણ હિન્દી ઉ.મા.વિદ્યાલય કારેલીબાગ ખાતે તા.15મી ઓગસ્ટને ગુરુવારના રોજ 78માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તેત શાળામાં ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે ચિરરંજન રિવન્દ્ર પાંડેના હસ્તે સવારે 8.30 કલાકે ધ્વજારોહણ કરવામાં આવશે. આ ધ્વજારોહણ કાર્યક્રમમાં ગૌરવ અર્પણ કરવા વિદ્યાર્થી અને શિક્ષકમિત્રો તથા આજુબાજુના રહિશો ઉપસ્થિત રહેશે.

## પ્રજ્ઞાચક્ષુઓ માટે દેશભક્તિ ગીતોની હરિફાઇ

વડોદરા : નિ:સહાય માનવ કલ્યાણ સંઘ અને હરી સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કેવડાબાગ નવાપુરા ખાતે ધ્વજવંદન અને રાષ્ટ્રગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ડોક્ટર સલીમ વોરા દ્વારા પ્રજ્ઞાચક્ષુઓ માટે દેશ ભક્તિ ગીત હરીફાઈ યોજાશે. ત્યારબાદ વિજેતાઓને ઈનામ વિતરણ કરાશે તથા દરેક પ્રજ્ઞાચક્ષુઓને આશ્વાસન ઈનામ અને અનાજની કીટની સહાય આપવામાં આવશે. સવારે 12.00 કલાકે ધ્વજ વંદન, પ્રજ્ઞાચક્ષુઓને ભોજન ત્યારબાદ રાષ્ટ્રગીત સ્પર્ધા અને ઈનામ વિતરણ કરવામાં આવશે.

## છાણી કેનાલ પાસેના દશામાં મંદિરે ભંડારો યોજાયો

વડોદરા : હાલમાં ચાલી રહેલા દશામા વ્રતના સમાપન દિવસે આજે છાણી કેનાલવાળી દશામા મંદિર ખાતે દર વર્ષની જેમા આ વર્ષે પણ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 4 હજારથી પણ વધુ ભાવી ભક્તોએ માતાજીના દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. અને સૌએ આ વ્રતની ભારે હર્ષભેર ઉજવણી કરીને માતાજીની આરાધના કરી હતી. તેમ આ મંદિરમાં સેવાકીય અને મદદરૂપી કાર્ય કરતા સામાજિક કાર્યકર અંબાલાલ પરમાર અને મંદિરના મહારાજા કરમસિંહ દેવીપૂજકે જણાવ્યું હતું.

## દેશમાં પ્રથમ વાર વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદીઓએ તૈયાર કરાયેલા ગીતોનું આલબમ લોન્ચ કરાયું



વડોદરા : ભારત દેશમાં પ્રથમ વાર વડોદરા સેન્ટ્રલ જેલ માં કેદીઓ દ્વારા તૈયાર કરાયેલા ગીતોનું આલબમ લોન્ચ કરાયું હતું, આ પ્રસંગે રાજ્ય જેલ પ્રસાસન ના ડી.જી ડૉ. કે.એલ રાવ અને રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ ની હાજરી માં સેન્ટ્રલ જેલ ખાતે કેદીઓ એ ગીત રજુ કર્યા હતા.

વડોદરા, પ્રતાપનગર, એકતાનગર, ગોધરા, ભરૂચ અને આણંદ સ્ટેશન અને પ્રતાપનગર સ્થિત ડીઆરએમ ઓફિસ ખાતે ફોટો પ્રદર્શન

# વડોદરા મંડળના 6 રેલવે સ્ટેશને તિરંગો શણગાર










વડોદરા. પાર્ટીશન હોરર્સ મેમોરિયલ ડે બિમિત્તે વડોદરા મંડળના 06 રેલવે સ્ટેશનો પર ફોટો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. રંગબેરંગી રોશનીથી વડોદરા, એકતાનગર, પ્રતાપનગર, ડભોઈ અને ગોધરા સ્ટેશનો અને ડીઆરએમ ઓફિસો અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન રેલવે (NAIR)ને શણગારવામાં આવ્યા છે. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનમાં, 14મી ઓગસ્ટને લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં "પાર્ટીશન ડિઝાસ્ટર મેમોરિયલ ડે" તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ દરમિયાન વડોદરા ડિવિઝનના વડોદરા, પ્રતાપનગર, એકતાનગર, ગોધરા, ભરૂચ અને આણંદ સ્ટેશન અને પ્રતાપનગર સ્થિત ડીઆરએમ ઓફિસ ખાતે ફોટો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસ દેશના તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં ઉજવવામાં આવે છે જેમણે નફરત અને હિંસાથી પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ ફોટો પ્રદર્શનમાં, દેશના વિભાજન દરમિયાન જે લાખો લોકોની હૃદયદ્રાવક પીડા સહન કરવા પડ્યા હતા તેમની અને વેદનાને ઉજાગર કરવા ઇતિહાસની અદમ્ય હકીકતો પ્રદર્શિત કરવામાં આવી છે. આ પ્રદર્શન સદીમાં તે વિસ્થાપનની યાદ અપાવે છે. આ સ્ટેશનો પર મોટી સંખ્યામાં લોકોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

નાડાબેટમાં આપણું ગુજરાત આકર્ષણ કેન્દ્ર બની રહેશે

# મહિલા સશક્તિકરણના સંદેશ સાથે 10 મહિલા બાઇકર્સ નાડાબેટ જવા રવાના

**સૈનિકોને** રાખડી બાંધવા 7 કલાકમાં 350 કિલોમીટરનું અંતર કાપશે

**શહેરની** વિવિધ સ્કૂલોના બાળકોએ બનાવેલી રાખડીઓ બીએસએફના જવાનો સુધી પહોંચાડાશે



( પ્રતિનિધિ )વડોદરા,તા.14

શહેરના મહિલા બાઈકર્સ ગ્રુપ એન્ડ વિલ્સની 10 મહિલાઓ બુધવારે નાડાબેટ જવા રવાના થઈ હતી. જેઓ સૈનિકોને રાખડી બાંધવા સાત કલાકમાં 350 કિલોમીટરનું અંતર કાપશે. 15 મી ઓગસ્ટના રોજ પરેડ બાઈક રેલી સહિતના કાર્યક્રમમાં નાડાબેટ ખાતે સહભાગી થઈ 15 મી ઓગસ્ટના દિવસે સાંજે વડોદરા પરત ફરશે.

મહિલા બાઈકર્સએ જણાવ્યું હતું કે, આ બાઈક યાત્રા કરવાનો અમારો મુખ્ય હેતુ રાજ્યની મહિલાઓમાં મહિલા સશક્તિકરણનો સંદેશો આપવાનો છે. તેમજ શહેરની વિવિધ સ્કૂલોના બાળકોએ બનાવેલી રાખડીઓ બીએસએફના જવાનો સુધી પહોંચાડી તેમને રાખડી બાંધવાનો છે. તે સાથે જ નાડાબેટ આપણા ગુજરાતનું આકર્ષણનું કેન્દ્ર છે. જ્યાં જવાનો દ્વારા પરેડ શહીદ અને પ્રવૃત્તિઓ કરાય છે. જે વિશે લોકોમાં જાગૃતતા નથી. લોકો ને વાઘા બોર્ડરનું આકર્ષણ વધુ છે. ત્યારે ગુજરાતમાં આવેલી આ ગુજરાત પાક-સરહદ વિશે લોકોમાં જાગૃતતા લાવવાનો અમારો ઉદ્દેશ્ય છે. અમારી પાસે 150 થી વધુ રાખડીયો આવી છે. જે અમે સૈનિકો સુધી પહોંચાડીશું અને ત્યાંથી અમને એવું કહેવાયું છે કે, આ રાખડીઓ તેવો 18 ઓગસ્ટના રોજ તેમના ઓફિસિયલ રક્ષાબંધનની ઉજવણી નિમિત્તે બાંધશે. જેમાં શહેરની રીચા પટેલ અનુષ્કા પાઠક કીર્તિ દેસાઈ દિશા ગુરુગોપાલન જાનવી રાણા આરતી કદમ તૃપ્તિ પાંડુવા બંધના લાલવાણી કિંજલ રાજ અને હિતેશ્રી સેનગુપ્તા આ બાઈક યાત્રામાં જોડાશે.

## પ્રયાગરાજ રામબાગ સ્ટેશન પર ચાર ટ્રેનોનું 23 ઓગસ્ટ સુધી સ્ટોપેજ રદ

( પ્રતિનિધિ )વડોદરા,તા.14

ઉત્તર પૂર્વ રેલવેના વારાણસી ડિવિઝનના પ્રયાગરાજ રામબાગ સ્ટેશન પર લાઈન નંબર 4 અને 6 પર એન્જિનિયરિંગના કામ માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે, અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ અને અમદાવાદ-પટના એક્સપ્રેસ (સાપ્તાહિક) ટ્રેનોને સ્ટોપેજ પ્રયાગરાજ રામબાગ સ્ટેશન ખાતે તાત્કાલિક અસરથી 23 ઓગસ્ટ 2024 સુધી રદ કરવામાં આવ્યું છે. સ્ટોપેજ રદ કરાયેલી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:-

ટ્રેન નંબર 15559 દરભંગા-અમદાવાદ અંત્યોદય એક્સપ્રેસ ટ્રેન નંબર 15560 અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ ટ્રેન નંબર 19421 અમદાવાદ-પટના સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન નંબર 19422 પટના-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.


વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
જમીન મિલકત શાખા (કોમર્શિયલ વિભાગ)
પે એન્ડ પાર્કનો ઈજારો જાહેર હરાજીથી આપવા બાબત

વડોદરા મહાનગરપાલિકા હસ્તકના ટી.પી.૦૨ (સુભાનપુરા) ફાયનલ પ્લોટ નં.૩૧૦ (નટુભાઇ સર્કલ પાસે) વાળી ખુલ્લી જગ્યામાં પે એન્ડ પાર્કનો ઈજારો માસિક લાયસન્સ ફી થી ૧(એક) વર્ષની મુદત માટે જાહેર હરાજીથી આપવાનો છે. મીનીમમ અપસેટ વેલ્યુ રૂ.૭૫,૦૦૦/-પ્રતિ માસ તથા ડિપોઝીટની રકમ રૂ.૧,૫૦,૦૦૦/- સહ જમીન મિલકત શાખા(કોમ.) રૂમ નં.૨૦૩,બીજો માળ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ,વડોદરાને તા:૨૩.૦૮.૨૦૨૪ ના રોજ બપોરે ૨:૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે. ઈજારામાં ભાગ લેવા અંગેના અરજીપત્રક તથા વધુ વિગતો જમીન મિલકત શાખા(કોમર્શિયલ) ખાતેથી કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક સુધી મળશે.

પી.આર.ઓ.નં.૩૮૪/૨૦૨૪-૨૫ ખાતાધિકારી(L&E)



વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૩૮૦/ ૨૪-૨૫ | બ્રિજ પ્રોજેક્ટ | ૦૧ | ૭,૩૬,૯૮,૩૯૭/- |
| ૨ | ૩૮૨/ ૨૪-૨૫ | ઇલે.મિકે.સુવેજ | ૦૧ | ૭,૦૦,૦૦૦/- |
| ૩ | ૩૮૩/ ૨૪-૨૫ | ઇલે.મિકે.સુવેજ | ૦૩ | ૮૯,૨૬,૬૩૨/- |
| ૪ | ૩૮૫/૨૪-૨૫ | પાર્કસ એન્ડ ગાર્ડન | ૦૭ | ૪૧,૪૫,૮૯૪/- |
| ૫ | ૩૮૬/૨૪-૨૫ | પશ્ચિમ ઝોન | ૦૩ | ૬,૯૪,૭૯૯/- |
| ૬ | ૩૮૭/૨૪-૨૫ | સેન્ટ્રલ વર્કશોપ શાખા | ૧૧ | ૪,૭૩,૨૨૦/- |
| ૭ | ૩૮૮/૨૪-૨૫ | રોડ પ્રોજેક્ટ | ૦૧ | ૨,૫૦,૦૦,૦૦૦/- |
| ૮ | ૩૮૯/૨૪-૨૫ | પાર્કસ એન્ડ ગાર્ડન | ૦૬ | ૩,૭૮,૭૭૭/- |

નોંધ: અ.નં. ૧,૩ અને ૭ ની જાહેરાત ઈ-ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૩૯૦/૨૦૨૪-૨૫ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત


નિષ્ણાતે ચોમાસા દરમિયાન વાળમાં તેલ લગાવવાના ફાયદા વિશે જણાવાયું

# વાળને તંદુરસ્ત રાખવા ચોમાસામાં તેલ લગાડવું અત્યંત જરૂરી : ડો. શિલ્પા વોરા

**વાળ** ફ્રિઝી, શુષ્ક અને નિસ્તેજ થઈ જતા જતા નુકસાન થાય છે

(પ્રતિનિધી) વડોદરા, તા.14

ચોમાસું એ આગ દઝાડતી ગરમીમાં એક તાજગી આપે છે, ત્યારે હવામાં ભેજનું વધતું પ્રમાણ વાળની કાળજી માટે મોટો પડકાર લાવે છે. આવા વાતાવરણને લીધે ઘણી વખત વાળ ફ્રિઝી, શુષ્ક અને નિસ્તેજ થઈ જાય છે, તે એટલા સંવેદનશીલ બની જાય છે કે તેમાં નુક્શાન થાય છે.

સતત વરસાદને લીધે માથાની ચામડી તૈલી અને ચીકાશવાળી થઈ જાય છે, જેના લીધે વાળ વધુ પડતા ખરવા લાગે છે અને તે વાળને શુષ્ક, નિસ્તેજ અને ફ્રિઝી બનાવે છે. ચોમાસાની સિઝનમાં વાળની કાળજી રાખવાના મહત્વને સમજાવતા મેરિકો લિમિટેડના, ડો. શિલ્પા વોરા, ચીફ રિસર્ચ અને ડેવલોપમેન્ટ ઓફિસર કહે છે, "ચોમાસામાં તમારા વાળમાં થતા નુક્શાનથી બચવા માટે નિયમિત રીતે તેલ લગાવવું જરૂરી છે, સારા પરિણામ માટે નારીયેળના તેલનો ઉપયોગ કરવો જોઈએ, જે એક નાળિયેલ આધારીત તેલ છે અને તે 10 લેયર્સ સુધી ઊંડું ઉતરીને તમારા વાળને સુંદર બનાવવા માટે વધુ સારું પોષણ આપે છે. જ્યારે વાળમાં તેલ લગાડવું આખા વર્ષ માટે જરૂરી છે, ત્યારે ચોમાસાની ઋતુમાં તમારા વાળને વધારે પોષણની જરૂર પડે છે."

એક સારા તેલના માલિશથી તમારા વાળના ફોલિસેલ્સમાં લોહીનું પરિભ્રમણ વધે છે, જેનાથી વાળ વધુ સ્વસ્થ્ય બને છે અને વાળનો વિકાસ થાય છે, ખાસ તો ચોમાસા દરમિયાન વાળ તૂટવા અને નુક્શાન માટે વધુ સંવેદનશીલ હોય છે. ચોમાસા દરમિયાન ઘણી વખત વાળમાં વધુ પડતા ભેજથી તે શુષ્ક અને નિસ્તેજ થઈ જાય છે, તો નિયમિત રીતે વાળમાં તેલ લગાવવાથી તેને જરૂરી પોષણ મળી રહે છે અને તે રિપેર થઈ જાય છે.

## જૂની જન્મ-મરણ કચેરી તોડવાની શરૂ

વડોદરા : કેવડાબાગ ખાતે આવેલ જૂની જન્મ મરણ શાખાની કચેરીની જગ્યા ખાલી કર્યા બાદ આજે તેનો જર્જરીત ઈમારતનો ભાગ તોડવાનો શરૂ કરવામાં આવ્યો છે. આગામી બે, ત્રણ દિવસ દરમિયાન ઈમારત ધ્વસ્ત કરી દેવામાં આવશે. કેવદાબાગ ખાતે આવેલ જન્મ મરણ શાખાની કચેરીનો કેટલોક ભાગ અત્યંત જર્જરીત થઈ ગયો હતો. તકેદારીના ભાગરૂપે અને અહીં કામ કરતા કર્મચારીઓના હિતને જોઈ કચેરી અહીંથી માંજલપુર ખાતે સ્થળાંતર કરવામાં આવી છે. ઈમારત તોડવામાં અંદાજે બે દિવસ લાગશે અને ત્યારબાદ તેનો કાટમાળ ભરાતા અઠવાડીયાથી દસ દિવસ જેટલો સમય લાગી શકે તેમ છે.


ICAR-ઔષધીય અને સુગંધિત છોડ સંશોધન નિયામક
બોરીઆવી - 387 310, આણંદ, ગુજરાત, ભારત
ફોન નં. (02692) 271600, 05, 06 ફેક્ષ નં. (02692) 271601 વેબસાઈટ: https://dmapr.icar.gov.in

મૌખિક ઇન્ટરવ્યુ
નિમ્નલિખિત મૌખિક ઇન્ટરવ્યુ - ભા.કૃ.અનુ.પ. - ઔ.સ.પા.અનુ. નિયામક કચેરી, બોરીયાવી, આણંદ, ગુજરાત ખાતે આયોજિત કરવામાં આવશે.

| પ્રોજેક્ટનું નામ | પોસ્ટનું નામ અને પોસ્ટની સંખ્યા | ઇન્ટરવ્યુ તારીખ અને સમય |
|---|---|---|
| NASF ભંડોળ પૂરું પાડવામાં આવેલ પ્રોજેક્ટ "બે આર્થિક રીતે મહત્ત્વપૂર્ણ ઔષધીય વનસ્પતિઓની બિન-વિનાશક ગુણવત્તાની આગાહી અને તેમની ગુણવત્તામાં સુધારો કરવા માટે હેન્ડહેલ્ડ સેન્સર ટેકનોલોજીનો વિકાસ" | યંગ પ્રોફેશનલ - II (YP-II) - 01 (એક પોસ્ટ) | 19/08/2024ના રોજ સવારે 11.00 વાગ્યે. |

રસ ધરાવતા ઉમેદવારોએ વધુ માહિતી માટે ડિરેક્ટોરેટની વેબસાઇટ https://dmapr.icar.gov.inની મુલાકાત લેવી.

CBC 01380/12/0002/2425 વહીવટી અધિકારી


# ટ્રાઈકલર હોસ્પિટલમાં પ્રથમવાર મહિલાનું સફળ રેનલ ટ્રાન્સપ્લાન્ટ

**છેલ્લા** 3-4 મહિનાથી મહિલા દર્દી ડાયાલિસિસ પર હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ટ્રાઈકલર હોસ્પિટલે પ્રથમ વખત 32 વર્ષની મહિલા દર્દી માટે સફળ રેનલ ટ્રાન્સપ્લાન્ટ હાથ ધર્યું હતું જેને



એન્ડ સ્ટેજ રેનલ ડિસીઝ હતી. તેઓ છેલ્લા 3-4 મહિનાથી ડાયાલિસિસ પર હતા. દર્દીને મધ્યમ પેરીકાર્ડિયલ ફ્યુઝન અને ડાબા વેન્ટ્રિક્યુલર રેનલ રોગ માટે ગૌણ હતું. ટ્રાન્સપ્લાન્ટ પછી દર્દીને તાત્કાલિક પેશાબ આઉટપુટ થયો અને તેનું ક્રિએટિનાઈન ૩ દિવસમાં સામાન્ય થઈ ગયું.

વડોદરા સ્થિત ટ્રાઈકલર હૉસ્પિટલ એક અત્યાધુનિક 150+ બેડવાળી મલ્ટી સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ છે અને વડોદરામાં ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ માટે એક વન-સ્ટોપ સોલ્યુશન રૂપે ગર્વપૂર્વક તેની 7મી વર્ષગાંઠની ઉજવણી કરી રહી છે. નવીનતમ તકનીકો અને ટેક્નોલોજી સાથે, ટ્રાઈકલર હોસ્પિટલ્સ એક છત હેઠળ સર્વગ્રાહી આરોગ્યસંભાળ સેવાઓ સાથે ઉચ્ચતમ સારવાર અને નિદાન પદ્ધતિઓ પ્રદાન કરે છે. શ્રેષ્ઠ ડોકટરો અને અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ટ્રાઈકલર હોસ્પિટલો ગુજરાતની અગ્રણી કાર્ડિયાક ચેઈન બરોડા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટરના જૂથમાંથી આવે છે, જ્યાંનો હેતુ સહાનુભૂતિ સાથે શ્રેષ્ઠતા આપવાનો છે. ડો. ચિન્મય સપ્રે- કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ. ટ્રાઈકલર હોસ્પિટલ્સે માહિતી આપી હતી કે ટ્રાઈકલર હોસ્પિટલ્સે પ્રથમ વખત 32 વર્ષની મહિલા દર્દી માટે સફળ રેનલ ટ્રાન્સપ્લાન્ટ હાથ ધર્યું છે જેને એન્ડ સ્ટેજ રેનલ ડિસીઝ હતી. તે છેલ્લા 3-4 મહિનાથી ડાયાલિસિસ પર હતી. દર્દીને મધ્યમ પેરીકાર્ડિયલ ફ્યુઝન અને ડાબા વેન્ટ્રિક્યુલર રેનલ રોગ માટે ગૌણ હતું. ટ્રાન્સપ્લાન્ટ પછી દર્દીને તાત્કાલિક પેશાબ આઉટપુટ થયો અને તેનું ક્રિએટિનાઈન ૩ દિવસમાં સામાન્ય થઈ ગયું.ડિસ્ચાર્જ પછીના 2 અઠવાડિયામાં, દર્દીને 0.7 મિલિગ્રામ/Do ક્રિએટિનાઈન થઈ ગયું છે. ડૉ. ચિન્મય સપ્રેએ વધુમાં માહિતી આપી હતી કે, 'કિડની એ શરીરના સૌથી મહત્વપૂર્ણ અંગોમાંનું એક છે અને કિડનીમાં થોડી અગવડતા શરીરમાં ઘણી અશાંતિ પેદા કરી શકે છે.


આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, IDFC બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)- CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચેના ઋણધારકો અને સહ-ઋણ લેનારાઓએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોનનો લાભ લીધો છે અને તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત થઈ ગયા હોવાથી તેમની લોનને RBIની માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ સંબંધિત નોટિસો અનુસાર કરવામાં આવ્યો છે, જેનો ખાસ કરીને નીચેના કોષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને ઉક્ત રકમો પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તેમની પાસેથી તેના પર સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ | કલમ 13 (2) નોટિસ તારીખ | કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 102308139 | મિલકત સામે લોન | 1. પટેલ સુશીલાબેન (સ્વ. પટેલ જીજ્ઞેશભાઈ કાંતિલાલના ઉપલબ્ધ કાનૂની વારસદારની ક્ષમતામાં) 2. પટેલ સુશીલાબેન | 20.07.2024 | INR 3,52,421.92/- |
| મિલકત સરનામું:જૂના એસ. નં. 302ના તમામ ટુકડા અને પાર્સલ, બ્લોક નંબર 286 પૈકી, કમલાનગર સોસાયટી વિભાગ- 2, સબ પ્લોટ નં. ડી/10, ગ્રામ પંચાયત ઘર નં. 665, મોજે: મડોધર, તાલુકો: વાઘોડિયા, જિલ્લો: વડોદરા, ગુજરાત-391760, વિસ્તાર: 36.71 ચો. મીટર, બિલ્ટઅપ વિસ્તાર: 22.30 ચો. મીટર,અને આ રીતે બંધાયેલ છે: પૂર્વ: ખેતીની જમીન, પશ્ચિમ: કમલા નગર સોસાયટી રોડ, ઉત્તર: કમલા નગર સોસાયટી વિભાગ-2 પ્લોટ નંબર 11, દક્ષિણ: કમલા નગર સોસાયટી વિભાગ-2 પ્લોટ નંબર 9 | | | | | |

આથી તમને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ, IDFC FIRST Bank Limited (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, IDFC બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમની ચુકવણી તેમની સંબંધિત તારીખોથી વ્યાજના કરાર દર સાથે અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર કરવા આહ્વાન કરવામાં આવે છે. આમ કરવામાં જો નિષ્ફળ જાય તો નીચે હસ્તાક્ષર કરનારને ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ IDFC FIRST Bank Limited (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, IDFC બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની લેણી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત સંપત્તિઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય કરવામાં આવશે. વધુમાં તમને ઉપરોક્ત અધિનિયમની કલમ 13 (13) હેઠળ વેચાણ/લીઝ દ્વારા અથવા અન્ય રીતે ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતોને સ્થળાંતરિત કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

એસડી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખ: 15.08.2024
સ્થળ: વડોદરા



HDFC BANK
એચડીએફસી બેન્ક લિમિટેડ
પઝેશન નોટિસ
બ્રાન્ચ : એચડીએફસી બેન્ક લિમિટેડ, ટ્રાયડેન્ટ, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૦૭૯-૬૪૮૦૭૯૯૯

**એચડીએફસી બેન્ક લિમિટેડ**ના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

| અનુ. નં. | બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ | તારીખના રોજ બાકી લેણાં* રૂ. | ડિમાન્ડ નોટિસ તારીખ | પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક | સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) |
| ૧ | શ્રી નઈમભાઈ રુસ્તમઅલી શેખ (બોરોઅર) પત્ની/પુત્ર/પુત્રી/પતિ- શ્રીમતી નસરીન નઈમ શેખ (અવસાન પામેલ છે) અને અન્ય જાણમાં હોય/જાણમાં ના હોય તેવા કાયદેસરના વારસદાર(રો), કાયદેસરના પ્રતિનિધિ(ઓ), અનુગામીઓ અને અસાઈન્સ- શ્રીમતી નસરીન નઈમ શેખ (અવસાન પામેલ છે) લોન એકાઉન્ટ નં. ૬૪૨૨૫૧૭૬૨ અને ૬૪૧૩૨૦૫૦૬ | રૂા. ૧૩,૨૩,૭૭૭/- ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ* | ૧૨ માર્ચ, ૨૦૨૪ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | રો-હાઉસ-૨૯, ગ્રીન ગોલ્ડ હોમ્સ, સ. નં. ૨૦૫, બ્લોક-૨૦૫, લહેરી કોટન મિલ સામે, સાલીયા હોસ્પિટલની બાજુમાં, ટંકારીયા રોડ, પાલેજ, ભરૂચ-૩૯૨૨૨૦. |
| ૨ | શ્રી જીગ્નેશ રસીકલાલ માગ્નાડીયા (બોરોઅર) શ્રી રસીકભાઈ બી. માગ્નાડીયા (કો-બોરોઅર) લોન એકાઉન્ટ નં. ૬૨૧૧૫૭૩૮૪ અને ૬૪૩૦૬૪૨૩૩ | રૂા. ૧૬,૩૦,૦૫૮/- ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ* | ૨૩ એપ્રિલ, ૨૦૨૪ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | હાઉસ નં.-૧૫૬૧, સર્વે નં. ૧૩૩, ૧૩૪, પ્રજાપતિ ફળીયું, ગ્રામ પંચાયત રોડ, ગામ-ઝાડેશ્વર, ભરૂચ-૩૯૨૦૧૧. |
| ૩ | શ્રી હિતેન્દ્ર એન. ગોહીલ (બોરોઅર) લોન એકાઉન્ટ નં. ૬૪૨૬૯૭૦૭૬ અને ૬૪૪૨૭૩૭૦૮ | રૂા. ૪૧,૧૮,૪૮૬/- ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ* | ૨૨ જાન્યુ., ૨૦૨૪ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | ડુપ્લેક્ષ-એ-૧૦૪, શ્રી રંગ ટાઉનશીપ, રે. સ. ૨૫ (ગામ-તવરા) નર્મદા કોલેજની બાજુમાં, શુકલતીર્થ રોડ, ગામ-તવરા, ભરૂચ-૩૯૨૦૧૧. |
| ૪ | શ્રી જહુભાઈ જીવાભાઈ સાગર (બોરોઅર) શ્રી અજીતસિંહ કેશુભાઈ અસ્વાર (કો-બોરોઅર) શ્રી અજીતસિંહ કેશુભાઈ અસ્વાર (ગેરન્ટર) લોન એકાઉન્ટ નં. ૬૧૧૨૦૯૮૯૭ | રૂા. ૮,૪૦,૮૭૨/- ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ* | ૨૩ એપ્રિલ, ૨૦૨૪ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | ફ્લેટ-૧૦૭, પહેલો માળ, ધ ટેકનો ફોર્જ કો. ઓ. હા. સો. લિ., ખુશ એન્કલેવ, પ્લોટ-૩૦૭૫/૯, સ. નં. ૫૫૬/પી, "ખુશ એન્કલેવ", ૫૦૦ ક્વાર્ટર્સ પાસે, જીઆઈડીસી, અંકલેશ્વર-૩૯૩૦૦૨. |
| ૫ | શ્રી જયેશકુમાર બંકીમચંદ્ર ગજ્જર (બોરોઅર) શ્રી બંકીમચંદ્ર રણછોડભાઈ ગજ્જર (કો-બોરોઅર) શ્રી રીપલકુમાર જશવંતભાઈ ગજ્જર (ગેરન્ટર) લોન એકાઉન્ટ નં. ૬૧૯૯૭૦૧૮૦ | રૂા. ૪,૦૮,૧૭૦/- ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ* | ૨૩ એપ્રિલ, ૨૦૨૪ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | એચઆર-૭, નિરાંતનગર-૧, (રે. સ. નં. ૪૦૪/પી), રામનગર સોસાયટી સામે, બોરભાઠા રોડ, રેલવે ક્રોસીંગ પાસે, અંકલેશ્વર-૩૯૩૦૦૧. |
| ૬ | શ્રી બહાદુરભાઈ ગુરાભાઈ ચૌધરી (બોરોઅર) શ્રીમતી સુશીલાબેન બહાદુરભાઈ ચૌધરી (કો-બોરોઅર) લોન એકાઉન્ટ નં. ૬૩૯૩૯૬૧૦૦ અને ૬૩૯૬૯૮૨૮૮ | રૂા. ૧૮,૫૧,૯૯૪/- ૩૦ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ* | ૦૮ મે, ૨૦૨૪ | ૧૮ ઓગસ્ટ, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | રો-હાઉસ-૨૩૮, ગ્રીન વિલા, સ. નં. ૮૧/એ, બ્લોક-૮૧/એ, વિશ્વકર્મા મંદિર સામે, વાલીઆ, માંગરોલ રોડ, ભરૂચ-૩૯૩૧૩૫. |

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સ) / કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

તારીખ : ૧૪-૦૮-૨૦૨૪
સ્થળ : વડોદરા

વતી, એચડીએફસી બેન્ક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com